ક્રમાક/મઉમશબ/ક-૫./૦૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૮.૫.૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય :- ધો-૧૦ અને ધો-૧૨ નાપાસ વિદ્યાર્થીને રાજ્ય બહાર પ્રવેશ મેળવવા માટે માઇગ્રેશન મેળવવા બાબત.

સંદર્ભ :- (૧) બોર્ડના તા. ૧૮/૦૭/૨૦૧૮ ના પત્રક્રમાંક/મઉમશબ/શાનિ/૫૭૮૬/૫૮૨૦.
(૨) કારોબારી સંમિતિ તા :- ૧૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ/ક્રમાંક : ૪૪૪/૨૦૧૮.

ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જે વિદ્યાર્થીઓ ધો-૧૦ તથા ધો-૧૨ નાપાસ હોય, તેવા વિદ્યાર્થીઓ રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી બોર્ડની કચેરી ખાતે માઇગ્રેશન મેળવવા રૂબરૂ આવતા હોય છે. આવા વિદ્યાર્થીઓનો આર્થિક ખર્ચ ઓછો થાય અને સમયસર માઇગ્રેશન પ્રમાણપત્ર મળી રહે, તે હેતુથી સંદર્ભ દર્શિત બાબત બોર્ડની કારોબારી સમિતિ સમક્ષ રજુ કરતાં, કારોબારી સમિતિએ પુખ્ત વિચારણાના અંતે જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને વિદ્યાર્થીઓ પાસે કોઇ પણ પ્રકારની ફી લીધા સિવાય માઇગ્રેશન આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવતાં, હવે પછીથી આપની કક્ષાએથી ધો :-૧૦ નાપાસ તથા ધો :- ૧૨ નાપાસ વિદ્યાર્થીઓને કોઇ પણ પ્રકારની ફી લીધા સિવાય માઇગ્રેશન આપવા અંગેની યોગ્ય વ્યવસ્થા આપની કચેરી ખાતે કરવા જણાવવામાં આવે છે. તેમજ બોર્ડના સંદર્ભ :-૧ ના પરિપત્રથી ધો:-૧૧ સામાન્ય પ્રવાહ વિજ્ઞાનપ્રવાહ પાસ વિદ્યાર્થીને માઇગ્રેશન આપવાની જોગવાઇ યથાવત રાખવામાં આવી છે. આમ હવે આપની કક્ષાએથી ધોરણ :- ૧૧, પાસ, ધોરણ:- ૧૦/ધોરણ :- ૧૨ નાપાસ વિદ્યાર્થીઓને માઇગ્રેશન આપવા જણાવવામાં આવે છે.

પ્રમાણપત્ર મેળવવા અંગેનું નિયત અરજી પત્રક તથા આપવાના પ્રમાણપત્રનો નમૂનો આ સાથે સામેલ છે. આ અંગેની જાણ આપના તાબા હેઠળની નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

બિડાણ :- - અરજી પત્રકનો નમૂનો.
- માઇગ્રેશન સર્ટિફિકેટનો નમૂનો.